**અમદાવાદ(ગ્રામ્ય)ના ચોથા અધિક સેસન્સ જજશ્રીની કોર્ટમાં,મુકામ:નવરંગપુરા અમદાવાદ.**

**ક્રિમી. રીવીઝન અરજી નં.૪૧/૨૦૨૬**
**આંક:**

-

**<u>અરજદાર</u>** :- **દિનેશ અંબાલાલ ચૌધરી**
ઉ.વ.આ.૪૦,ધર્મ: હિન્દુ
રહે.૩૫,નવલ શેઠની ચાલી,
બાપુનગર,અમદાવાદ.

**વિરૂધ્ધ**

**<u>સામાવાળા</u>** :- (૧) શ્રી સરકાર

**<u>ક્રિ.પ્રો.કો. કલમ-૩૯૭ અન્વયે રિવીઝન અરજી...</u>**

---

અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એ.એલ.પાટીલ
સામાવાળા તરફે વિ.ડી.જી.પી.શ્રી પી.એમ.ત્રીવેદી

---

## <u>-: ચુકાદો :-</u>

૧. અમદાવાદ(ગ્રામ્ય)ના મે.એડી.જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટ સમક્ષના ક્રિ.પ. અ.નં.૮૮૨/૨૦૨૬ ની દાખલ કરી, બોલેરો પીકઅપ ગાડીનં.જી.જે.૧૮ .એજેડ.૨૦૭૬ છોડાવવા માટે અરજદારે ક્રિ.પ્રો.કો.ક.૪૫૧ અન્વયે અરજી ટ્રાયલ કોર્ટ સમક્ષ કરેલ જે અરજી નામદાર જયુડી.મેજીસ્ટ્રટ સાહેબશ્રીએ તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલી તે હુકમથી નારાજ થઈને અરજદારે હાલની રિવીઝન અરજી ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૩૯૭ અન્વયે દાખલ કરેલ છે.

૨. હાલની રિવીઝન અરજી તરફ દોરી જતી ટૂંકમાં હકીકત એવી છે કે, અરજદારની માલીકીની બોલેરો પીકઅપ ગાડીનં.જી.જે.૧૮.એજેડ.૨૦૭૬, નિકોલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧

૦૧૫૨૨૦૯૫૩/૨૦૨૨, પ્રોહી. એકટની કલમ–૬૫(એ),(ઈ),૧૧૬(બી),૮૧,૮૩,૯૮(૨),ના કામે કબજે કરેલ જે છોડાવવા માટે ક્રિ.પ.અ.નં.૮૮૨/૨૦૨૬ થી અરજી કરેલ જે નામદાર ટ્રાયલ કોર્ટે તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ નામંજુર કરેલ અને જણાવેલ કે, સદર વાહનમાં ૨૦ લીટર કરતા વધુ દારૂ વેચાણ માટે મળેલ હોવાથી તબદિલી અધિનિયમની કલમ–૯૮ પેટા કલમ(૨) ની જોગવાઈ અનુસાર સરકાર દાખલ થવાને પાત્ર થશે જેથી સદર જોગવાઈ અનુસાર સદરહું મુદામાલ વાહન અરજદારને પરત સોંપવાનો હુકમ કરવાની હકુમત અત્રેની કોર્ટને રહેલ નથી. જે કારણસર નામંજુર કરેલ હોય તેનાથી નારાજ થઈ અરજદાર તરફે હાલની રિવીઝન અરજી ક્રિ.પ્રો. કો. કલમ–૩૯૭ અન્વયે દાખલ કરવામાં આવેલ છે.

૩. હાલની રિવીઝન અરજીના કામે અરજદાર તરફે તેઓના વિધ્વાન વકીલ શ્રી ને સાંભળ્યા. સામાવાળા શ્રી સરકાર તરફે વિ. ડી.જી.પી.શ્રી ને સાંભળ્યા.

૪. આ કામે અરજદાર તરફે વિધ્વાન વકીલ શ્રી એવી રજૂઆત છે કે, સદર વાહન અરજદારના નામનુ છે.સદરહુ મુદામાલની માલીકી માટે અરજદાર સીવાય અન્ય કોઈ કલેમેંટ નથી.સદરહુ મુદામાલ કફોડી હાલતમાં પડેલ છે. સદર કેસમાં અરજદારને ખોટી રીતે સંડોવી દિધેલ છે. આ કામે તપાસ મહદઅંશે પૂર્ણ થઈ ગયેલ છે.અરજદારે સદરહુ વાહન જાતે અન્ય કોઈ ગુનાહિત પ્રવૃતિમાં વપરાયેલ નથી. નામદાર જયુ.મેજી.સાહેબશ્રીએ અરજદારની અરજી સાથે રજુ થયેલ દસ્તાવેજોને યોગ્ય રીતે ઘ્યાને લીધા વગર હુકમ કરેલ છે જેથી નામદાર જયુડી.મેજી.સાહેબશ્રીનાઓએ કરેલ હુકમ ક્ષતીયુકત ભુલ ભરેલો ખામી વાળો છે તે સંજોગોમાં અરજદારની હાલની રીવીઝન અરજી મંજુર કરવા વિનંતી કરેલ છે.

૫. સામાવાળા સરકાર તરફે વિ.પી.પી.શ્રીએ ભારપૂર્વક દલીલ કરેલ છે કે, આ કામે નિકોલ પો.સ્ટે.ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૫૨૨૦૯૫૩/૨૦૨૨, પ્રોહી. એકટની કલમ–૬૫(એ),(ઈ),૧૧૬(બી),૮૧,૮૩,૯૮(૨),ના ગુના સબબ વાહન પકડેલ છે તે વાહનમાં ૨૦ લીટરથી વધારે દારૂ ભરેલ હોય પકડેલ છે જે નિકોલ પો.સ્ટે.માં સુરક્ષીત જગ્યાએ પડેલ છે તેમજ ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૯૮(૨) મુજબ આ કામે પકડાયેલ વાહન છોડવાની સત્તા ટ્રાયલ કોર્ટને નથી જેથી ટ્રાયલ કોર્ટનો હુકમ યોગ્ય છે તેમજ ગુજરાત પ્રોહી બીશન એકટ ૧૯૪૯ ની કલમ–૯૮(૨)ની જોગવાઈ ઘ્યાને લઈ યોગ્ય હુકમ કરવા રજુઆત

કરેલ છે.

૬. આ કામના અરજદારની દલીલ,સરકારી વકીલશ્રીની દલીલ તેમજ કાયદાકીય જોગવાઈ અને ટ્રાયલ કોર્ટના હુકમને ધ્યાને લીધો. સી.આર.પી.સી.ની કલમ–૩૯૭ હેઠળ રીવીઝનમાં આ કોર્ટને જયારે કોઈ હુકમ સંપૂર્ણપણે કાયદાથી ખોટો,ગેરકાયદેસરનો હોય તેવુ જણાય ત્યારે આવો હુકમ હસ્તક્ષેપને પાત્ર ન્યાયોચીત જણાઈ તો જ રીવીઝન અદાલત તેમાં હસ્તક્ષેપ કરી શકે છે તે કાયદાની જોગવાઈ ધ્યાને લીધી. આ કામે મે. ટ્રાયલ કોર્ટ, ગુજરાત પ્રોહીબીશન એકટ ૧૯૪૯ ની કલમ–૯૮(૨) ની જોગવાઈ કે જેમાં કોઈપણ અદાલત ને કબજે લીધેલ મુદામાલ છોડાવવાની સત્તા નથી તેવુ જ ઠરાવ્યુ છે તે કાયદાની કલમ થી સ્પષ્ટ હોય, અરજદાર તરફે જે નામદાર વડી અદાલતનો ચુકાદો રજુ થયેલ છે તે બંધારણીય અનુચ્છેદ અન્વયેનો હુકમ હોય આ કોર્ટને તેમ કરવાની સત્તા ન હોય તે સંજોગોમાં ટ્રાયલ કોર્ટનો હુકમ સંપૂર્ણપણે કાયદાકીય જોગવાઈથી કરેલ હુકમ હોય તે સંજોગોમાં આ હુકમમાં ફેરફાર કરવા કોઈ યોગ્ય કે ન્યાયોચીત કારણ રીવીઝનકર્તા દર્શાવી શકયા ન હોય તે સંજોગોમાં આ રીવીજન હેઠળ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો વ્યાજબી અને ન્યાયોચીત હુકમ કરવામાં આવે છે.

**:– હુકમ –:**

(૧) અરજદારની હાલની રિવીઝન અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) મે.ટ્રાયલ કોર્ટે ક્રિ.પ.અ.નં.૮૮૨/૨૦૨૬ ના કામે તા.૧૩/૦૨/૨૦૨૬ ના રોજ કરેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

(૩) આ હુકમની જરૂરી યાદી સબંધીત મે.ટ્રાયલ કોર્ટને મોકલી આપવી.

હુકમ આજ તા.૧૬–મી, માહે– માર્ચ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૧૬/૦૩/૨૦૨૬

(દિપેન દિલીપકુમાર બુધ્ધદેવ)
ચોથા એડીશનલ સેશન્સ જજ,
અમદાવાદ(રૂરલ), નવરંગપુરા.
Code No. GJ-00612